હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ગાયુ તો રોડ પર તો જવાની જ, તમને બહુ નડતી હોય તો સાહેબ એક કામ કરો... બીજા માણસો ભેગાભેગી ટોરોનેય ટ્રાફિક સેન્સ શિખવી દો ને....!!

રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી જિલ્લાના ખેડૂતો માટે "પ્રોફિટ-ગાંધીનગર" પ્રોજેક્ટ અમલી

જિલ્લા વિકાસ અધિકારીએ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો : ૧૫ હજાર ખેડૂતોને પ્રથમ તબક્કામાં સાંકળી લેવાયા છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા રિલાયન્સ ફાઉન્ડેશન મારફત જિલ્લાના ૧૫ હજાર જેટલા ખેડૂતોને આવરી લઈ ખેડૂતોને કૃષિલક્ષી જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી પ્રોસ્પેરીટી ઓફ ફાર્મર થ્રુ ઈન્ફર્મેશન ટેકનોલોજી ઈન ગાંધીનગર "પ્રોફિટ" પ્રોજેક્ટનું અમલીકરણ શરૂ કરાયું છે.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાના વરદ્‌હસ્તે આ પ્રોજેક્ટ આજથી કાર્યાન્વીત કરી દેવામાં આવ્યો છે. જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવે આ પ્રોજેક્ટ અંગેની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે અત્યંત આધુનિક આ પ્રોજેક્ટના અમલીકરણથી જિલ્લાના ખેડૂતોને સૌથી વધુ ફાયદો થશે.

આ પ્રોજેક્ટમાં ખેડૂતોના મોબાઈલ પર વોઈસ તેમજ ટેક્સ મેસેજથી જે તે મોસમમાં થતા પાકની સુરક્ષા, યોજનાકીય માહિતી, પાકમાં આવતા રોગ અને જિવાતના નિયંત્રણ માટેની સલાહ તેમજ હવામાનની સ્થિતિ, ખેત ઉપયોગી જુદા જુદા વિષય પરનું તાંત્રિક માર્ગદર્શન અને ડિજિટલ બેંન્કીંગ અને કેસલેશ પેમેન્ટ વિશે સાપ્તાહિક મેસેજ મોકલવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે આગામી દિવસોમાં અર્થાત ડિસેમ્બર અંત સુધીમાં ૪૦ હજાર ખેડૂતોને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. ૬૫ હજાર સુધી ખેડૂતોને આવરી લેવાનું આયોજન હોવાનું પણ કહ્યું હતું.

આ પ્રોજેક્ટ પ્રોફિટ ગાંધીનગર એ એક મોટુ વોઈસ મેસેજનું પ્લેટફોર્મ બનેલ છે. ગાંધીનગર જિલ્લાના ખેડૂતોના હિતમાં આ પગલુ ભરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં જોડાવા માટે ખેડૂતોએ ગ્રામ સેવક તેમજ તાલુકાકક્ષાએ ખેતીવાડી શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

આ મેસેજ ખેડૂતો વિના મૂલ્યે પુરા પાડવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ખેડૂતોના હિતમાં સૌથી વધુ મહત્વનું ક્રાંતિકારી પગલું છે. તંત્ર પાસે હાલ ખેડૂતોના ૧૫ હજાર જેટલા મોબાઈલ નંબર પાસે ઉપલબ્ધ હોવાનો દાવો કર્યો હતો.

ચિલોડા બસ સ્ટેન્ડ પાસે લોહીલુહાણ બે આખલાના મલયુદ્ધથી બે ને ઈજા

ચિલોડા, તા. ૬

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે સાંજના સુમારે ચિલોડા બસ સ્ટેન્ડ પાસે હિંમતનગરથી ચિલોડા આવતી અસંખ્ય વાહનો અને એસ.ટી બસોનું મહત્વનું પીકઅપ સ્ટેન્ડે અસંખ્ય મુસાફરી તેમજ નાના-મોટા વેપારીઓ ધંધાર્થે મોટો જામેલોમાં દહેગામ રોડ તરફથી બે કાળા રંગના આખલા મલયુદ્ધ કરતાં અચાનક આ સ્થળે આવી જતાં સ્ટેન્ડે બસની રાહ જોઈ ઉભેલા સરગાસણના ઈસમને વિફરેલા આખલાએ જોરદાર અડફેટે લેતા ગંભીર રીતે ઘાયલ થતાં તુરત જ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખાનગી રીક્ષામાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે અન્ય ઈસમને પણ ઈજા પહોંચી હતી. વિફરેલા મલયુદ્ધ કરતા બે આખલા પણ લોહીલુહાણ હાલતમાં દોડી આવાતં ચિલોડા સર્કલની આસપાસ અને બસસ્ટેન્ડે ઉભેલી જનતામાં બચવા માટે સ્ટેન્ડમાં બચાવ અર્થે જીવ લઈને ભાગવા માંડ્યા હતા. વિફરેલા આખલા યુદ્ધને લીધે લોકોમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. ચિલોડા પંથકમાં રખડતી ગાયો અને આખલાથી જાહેર માર્ગો પર અડીંગાથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જ્યારે આખલા બેફામ બનતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચિલોડા ગ્રામજનો દ્વારા મેઘરાજાને મનાવવા રામજી મંદિર ખાતે ૨૪ કલાકની રામધૂન

ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં મેઘરાજાના રીસામણાંથી ધરતીપુત્રો આકાશ સામે મીટ માંડી ચાતક પક્ષીની જેમ પધરામણી માટે વિનંતી કરી રહ્યાં છે. છેલ્લા લાંબા સમયથી વરસાદી મોસમ થંભી જતાં ખેડૂતોના ખેતરોમાં મહામુલો ઉભો પાક જેવા કે મગફળી, ડાંગર, કપાસ, શાકભાજી, જુવાર તથા અન્ય કઠોળ પાકો મુંઝાવવા લાગ્યા છે. ચાલુ સાલે ડાંગર અને કપાસ, મગફળીનું સારા પ્રમાણમાં સારા વરસાદની અપેક્ષાથી વાવેતર કરી દીધુ છે. ત્યારે સમયસર અને પૂરતો વરસાદ ન થતાં ખેતીનો પાક નિષ્ફળ જાય તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે.

જો ચોમાસુ પાક નિષ્ફળ જાય તો ખેડૂતઆલમમાં ચિંતાનું મોજું વર્તાઈ રહ્યું છે ત્યારે હાલમાં મેઘરાજા રીસામાણા લઈ લેતાં ચિલોડા ગામના ગ્રામજનો તેમજ જનક ભજન મહિલામંડળ દ્વારા મેઘરાજાને મનાવવા ગામના રામજી મંદિરના ચોકમાં ઢોલ, નગારા સાથે ૨૪ કલાકની રામધૂન દ્વારા મેઘરાજાને 'આવ રે વરસાદ' તથા વરસાદ માટે રામધૂન બોલાવવામાં આવી રહી છે. રામમંદિરમાં ૨૪ કલાક સતત રામધૂન માટે ચાર-ચાર કલાક માટેની ભક્તજનોની ટીમો રામધૂનમાં તલ્લીન બની મેઘરાજાને મનાવવા આજીજી કરી રહ્યા છે.

એક તરફ શહેરમાંથી અસ્થાયી દબાણો હટાવી શહેરને સ્વચ્છ તથા રળિયામણું બનાવવા પ્રયાસો તંત્ર દ્વારા કરાઈ રહેલા છે ત્યારે બીજી તરફ વેપારીઓ હજુ પણ 'નો પાર્કિંગ' એરીયામાં લારીઓ તથા વાનમાં પોતાનો ધંધો ચલાવી રહ્યા છે. આજે આવા 'નો પાર્કિંગ' વિસ્તારમાં વેપાર કરનાર વેપારીઓને દંડવામાં આવ્યા હતા.

અંબોડ ત્રણ રસ્તા પાસેથી ચોરીની બાઈક સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહુડી માર્ગ પર અંબોડ ત્રણ રસ્તા પાસે ગત્ રાત્રીના સુમારે પોલીસની કોમ્બીંગ નાઈટ દરમિયાન વાહન ચેંકીગ દરમિયાન હિંમતનગરના ગાંભોઈથી ચોરી કરેલી બાઈક સાથે બે શખ્સોને ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં બનતા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા અને શોધી કાઢવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ કોમ્બીંગ નાઈટનું આયોજન કર્યું હતું. અને જિલ્લાના તમામ અધિકારીઓને સઘન પેટ્રોલીંગ અને વાહન ચેંકીગ તેમજ અસામાજીક પ્રવૃતિ આચરતા ઈસમોને પકડી પાડવા સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ જે.ડી.પુરોહિતે સ્ટાફના માણસોને જરુરી માર્ગદર્શન આપી વાહન ચેંકીગ કરવાની અસરકારક કામગીરી કરવાની સુચના આપી હતી. જેથી એલસીબી પીએસઆઈ એમ.જે.શીંદે, અ.હે.કો. જયવિરસિંહ, મનુજી, સંદિપકુમાર, ભૌમિકકુમાર,

અનુપસિંહ સહિત કોમ્બીંગ નાઈટ દરમિયાન અંબોડ ત્રણ રસ્તા પાસે વાહન ચેંકીગ કરતા હતા તે દરમિયાન પેથાપુર તરફથી આવતા સંજય ડાહ્યાભાઈ વણકર રહે.કાંકરોલ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા અને અમિત રાજુભાઈ નાયર રહે.મોતીપુરા હિંમતનગરને બજાજ ડિસ્કવર બાઈક નં-જીજે૯ડીબી- ૯૩૮૭ સાથે પકડી પાડ્યા હતા. બાઈકના આધાર પુરાવા માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે વધુ ઉંડાણ પૂર્વક તપાસ કરતા તેઓએ આ બાઈક સાબરકાંઠાના ગાંભોઈ બ્રિજ પાસેથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંન્ને આરોપીઓ પાસેથી રૂ.૫૦ હજારનું બાઈક કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ઈલેક્ટ્રીક કારની માંગ વધશે

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે 'ઈલેકટ્રીક વાહનો માટે મોટરની પસંદગી' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈઆઈટી-ગાંધીનગરના પ્રાધ્યાપક ડૉ. રાઘવને વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરતા કહ્યું હતું કે 'ભારતમાં ૨૦૩૦ સુધીમાં તમામ કાર ઈલેકટ્રીક થઈ જશે.' તેમના મત મુજબ ભારતમાં ઈંધણની અછત અને નિયમન તેમજ ચીનમાં બેટરી ટેકનોલોજીમાં પ્રગતિના કારણે ઈલેકટ્રીક કારની માંગમાં ખૂબ ઝડપી વધારો જોવા મળશે.

રાજ્ય તકેદારી આયુક્તનો કાર્યકાળ એક વર્ષ લંબાવાયો

ગાંધીનગર, તા. ૬

ગુજરાત તકેદારી આયોગના તકેદારી આયુક્ત નિવૃત્ત સનદી અધિકારી એચ.કે. દાસની નિમણૂંક-કાર્યકાળ એક વર્ષ માટે લંબાવવામાં આવી છે, તેમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર દાસની આયુકત તરીકેની નિમણૂક તા. ૧ જુલાઈ-૨૦૧૮થી એક વર્ષ માટે લંબાવવામાં આવી છે. જે સંદર્ભે તકેદારી આયુકત તરીકે દાસે પદભાર સંભાળ્યો છે.

જિલ્લામાં સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાંથી પોતપોતાના ક્ષેત્રમાં નેતૃત્વ પ્રદાન કરીને સરહાનીય કામગીરી કરી રહી છે, તેવી મહિલા સરપંચો, સ્વસહાય જૂથની સી.આર.પી.બહેનો, એસ.એચ.જી., બેંક મિત્ર, મહિલાઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા દ્વારા એન.આર.એલ.એમ. યોજના વિશે સમજ આપી તથા આ યોજના દ્વારા મળતા લાભો વિશે માહિતી આપી હતી. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરના નિયામક, જી.પી. બ્રહ્મભટ્ટ દ્વારા આવેલ બહેનોના યોજનાકીય પ્રતિભાવો સાંભળ્યા હતા. એન.આર.એલ.એમ. સ્ટાફ તથા કર્મચારીઓ હાજર રહીને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં વિશેષ યોગદાન બદલ આવેલ એસ.એચ.જી. બહેનોને પ્રશસ્તિપત્રોથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આમંત્રીત મહેમાનોમાં આઈ.આઈ.ટી. ગાંધીનગરના કો-ઓર્ડીનેટર સૌમ્યા હરીશ દ્વારા આવેલ એસ.એચ.જી.બહેનોના અનુભવોની આપ-લે કરવામાં આવી હતી. વધુ કાર્યક્ષમ બની ઉદ્યોગ સાહસિક બનાવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અરવિંદ કેન્દ્ર ખાતે માનવ જીવનમાં આધ્યાત્મ વિષય પર પ્રવચન યોજાશે

અરવિંદ કેન્દ્ર ગાંધીનગર ખાતે તા.૮-૮-૧૮ ને બુધવારના રોજ સેકટર-૨૩ અરવિંદ કેન્દ્રમાં સાંજે ૬.૧૫ થી ૭.૧૫ કલાક દરમિયાન માનવ જીવનમાં અધ્યાત્મ વિષય પર માતાજીના જીવન દર્શનના ઉંડા અભ્યાસુ સુ.શ્રી જયોતિબા થાનકીનું જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે. તો સર્વે સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

વાવોલમાં મહિલાએ ઘરમાં દુપટ્ટો બાંધી આપઘાત કર્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની મુખ્ય બજારમાં દુકાન ધરાવતા વેપારીના ૪૨ વર્ષિય પત્નિએ સોમવારે સવારે પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી જવા પામી છે. સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તરફથી મળતી વિગત મુજબ વાવોલ પાણીની ટાંકી પાસે રહેતા અને બજારમાં કરીયાણાની દુકાન ધરાવતા મુકેશભાઈ મોદી સોમવારે વહેલી સવારે નિત્યકમ મુજબ દુકાને ગયા હતા. તેમના પત્નિ દીનાબેન તેમજ બે બાળકો ઘરે હતા.

વહેલી સવારની સ્કુલ હોવાથી દિના બેને બાળકોને તૈયાર કરીને સ્કુલે મોકલી દીધા હતા. જયારે બપોરે ૮ વર્ષનો પુત્ર ઘરે આવ્યો તો દિનાબેનને પંખે લટકતા જોયા હતા. મમ્મી આવી રીતે કેમ લટકે છે તે સમજી શક્યો નહતો અને બજારમાં પિતા પાસે દોડી ગયો હતો.મુકેશભાઈને પુત્રએ જાણ કરતા ઘરે દોડી ગયા હતા.જયા દિનાબેન ગળાફાંસો કાધેલી હાલતમાં લટકતા જોતા મુકેશભાઈના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોલીસને જાણ કરતા મહિલા પીએસઆઈ એ.ડી.ચૌધરી સ્થળ પર દોડી ગયા હતા અને પંચનામુ કરી પિયરજનો આવ્યા બાદ મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. તપાસ અધિકારી એસ.ડી.ચૌધરીના જણાવ્યા મુજબ આપઘાતનું કોઈ જ કારણ મળતું નથી. પરિવારમાં પણ આઘાત ફેલાયો હોવાથી હાલ કંઈ પુછી શકાય તેમ નથી, આ દિશામાં તપાસ આગળ કરવામાં આવશે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમે ૩૫૦ સફાઈ કામદારોને નાડાછડી બાંધી ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો

ગાંધીનગરની રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી સ્વદેશી સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા આજે 'અનોખો ફ્રેન્ડશીપ ડે' ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણી અંતર્ગત શહેરના સફાઈ કામદાર મિત્રોને સંસ્થાના સભ્યો દ્વારા ફ્રેન્ડશીપ બેન્ડ સ્વરૂપે નાડાછડી બાંધી ભારતીય સંસ્કૃતિની ઉજવણીનો પ્રયોગ કરાયો હતો. આ કાર્યક્રમમાં ૩૫૦ સફાઈ કામદારોને નાડાછડી બાંધી તેમનું મ્હો મીઠું કરાવી શુભેચ્છા ભેટ આપવા સાથે ૮ પુરૂષ અને ૮ મહિલા સફાઈ કામદારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' અભિયાનમાં રહેલા સફાઈ કામદારોને મિત્રો બનાવવાના અને આ ફ્રેન્ડશીપ ડે કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર એસ. એસ. અમરાની, ડેપ્યુટિ કમિશ્નર જે.બી. બારૈયા, વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ સહિત સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રમુખ કુંપલબેન દવે તથા ઈન્ડેયન લાયોનેસ સ્વર્ણિમના પ્રમુખ શિલ્પાબેન દેસાઈ તથા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કીર્તિભાઈ પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું.

સોલૈયા પ્રજાપતિ પરિવારના ઉપક્રમે ત્રિવિધ ધાર્મિક કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામે ગત તા. ૪-૮-૨૦૧૮ અને તા. ૫-૮-૨૦૧૮ના રોજ ત્રિવિધ ધાર્મિક

કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યાં હતાં. સોલૈયા પ્રજાપતિ પરિવારના આરાધ્ય દેવી બહુચર માતાજીની નવીન મંદિરમાં પધરામણી કરવામાં આવી હતી.

વડવાઓ(પૂર્વજો) દ્વારા જૂના મંદિરમાં પણ જેની પૂજા-અર્ચના-આરાધના થતી આવી છે એવા બહુચરાજી માતાજીને ધામધૂમથી રંગેચંગે નવીન મઢમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતા. પરિવારની કુંવારિકા દીકરીઓએ તાંબાના કળશ લઈ માતાજીનું સાત્વિક સામૈયું કર્યુ હતુ. સોલૈયા પ્રજાપતિ પરિવારના સમસ્ત ભાઈ-બહેનો વાજતે ગાજતે માતાજીની જ્યોત લાવ્યા હતા. સાથે સાથે ઝાંપડી માતા અને લાલબાઈ-ફૂલબાઈ માતાના વળામણાંનો ભવ્ય કાર્યક્રમ પણ ાયોજિત કરવામાં આવ્યો હતો.

સોલૈયા પ્રજાપતિ પરિવારના દેશ-વિદેશમાં સ્થાયી થયેલા સ્નેહીજનોની ઉપસ્થિતિમાં યોજાયેલ સદર ત્રિવિદ ઉત્સવમાં આધ્યાત્મિક આસ્થાનું પુનિત પાવન વાતાવરણ જોવા મળ્યુ હતુ. સદર ધાર્મિક-આધ્યાત્મિક સમારોહમાં સમગ્ર ભોજન દાતા સ્વ. ડૉ. કેશુભાઈ સેંધારામ પ્રજાપતિ અને ગં.સ્વ. કૈલાસબેન કેશુભાઈ પ્રજાપતિના સ્મરણાર્થે અશોકકુમાર કેશુભાઈ પ્રજાપતિ પરિવાર (યુએસએ) તરફથી જાહેર કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જીલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૮-૫૮૨-મ-જગધ-૧૦૨૦૧૭-૩૦૨/ચ તા. ૨૪/૭/૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦થી ૧૦૫૬૦મી. વચ્ચે' કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસુચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરબિ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયર કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના નિકાલ માટેના અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યો હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામુ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગર સમક્ષ રજુ કરી શકાશે.

અનુસુચિ **જીલ્લો : ગાંધીનગર, તા. : માણસા, ગામ : મહુડી-૨**

અ. નં.	જુના સર્વે નંબર	નવા સર્વે નંબર	સંપાદિત થથી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૩૩૨/૧	૯૪૭ ૧૩૧૭	૦-૦૯-૮૦
૨	૩૩૨/૩/બ	૯૪૬ ૧૩૨૨	૦-૧૫-૯૫
૩	૩૦૫/૨	૧૩૨૫	૦-૦૫-૪૧
૪	૩૦૪	૫૫૧ ૧૩૨૮	૦-૩૯-૫૯
૫	૩૩૪	૯૪૩	૦-૦૩-૧૧
૬	૩૪૦/૧ પૈકી	૫૪૯	૦-૧૧-૦૮
૭	૩૪૦	૫૫૫ ૫૫૬	૦-૨૪-૫૫
૮	૩૦૨ પૈકી	૫૪૮	૦-૧૧-૮૮
૯	૩૦૧	૫૪૬	૦-૦૧-૬૯
૧૦	૩૪૧	૫૫૭	૦-૦૨-૮૪
૧૧	૨૯૭	૫૬૨ ૫૬૩	૦-૫૪-૭૯
૧૨	૩૫૧	૫૬૪	૦-૦૭-૭૬
૧૩	૨૩૪/૧/અ	૫૧૬ ૫૧૯	૦-૧૯-૨૪

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

માહિતી/હિંમત/૨૪૩/૧૮ સરકારના ઉપસચિવ